# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-03-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## ઉર્જામંત્રી કનુ દેસાઈ:

ગયા વર્ષે રાજ્યના વીજગ્રાહકોને 2 હજાર 4 કરોડ રૂપિયાની રાહત અપાઈ છે. વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે વર્ષ 2024-25 દરમિયાન વીજ દરોમાં બે વખત ઘટાડો કરવામાં આવ્યો છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય, ત્યાં સુધી રાજ્યના એક કરોડ 50 લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રહેશે.

શ્રી દેસાઇએ વધુમાં જણાવ્યું કે છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યની નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન ક્ષમતા 15 હજાર 400 મેગાવોટથી વધારી 32 હજાર 924 મેગાવોટ કરાઇ છે. તેમણે જણાવ્યું,વર્ષ 2070 સુધીમાં દેશનું કાર્બન ઉત્સર્જન ઝીરો કરવામાં નવીનીકરણ ઉર્જા સ્રોતો મારફતે 100 ગીગાવોટ વીજ ઉત્પાદનનું રાજ્યનું લક્ષ્ય છે.

-----------------------------------------------------------------------------------

## ઉર્જામંત્રી –દિવસે વિજળી:

રાજ્યના 97 ટકા ગામડાઓના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. વિધાનસભામાં ખેડૂતોને દિવસે વીજળી મળવા અંગેના પ્રશ્નનો જવાબ આપતાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લાના જમીન અને કાયદાકીય પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. આ કામગીરી ટુંક સમયમાં જ પૂર્ણ કરી ખેડૂતોને વીજળી અપાશે.

-----------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦ માર્ચે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની ૧૨૦મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પોતાના અભિપ્રાય રજૂ કરી શકે છે. આગામી કડી માટે સૂચનો 28 માર્ચ સુધી મોકલી શકાશે.**

---

## રાણકી વાવ-ડિજીટલ ટિકિટ:

પાટણની રાણકી વાવમાં હવે માત્ર ડિજિટલ ટિકિટ દ્વારા જ પ્રવેશ અપાશે. ટિકિટના દરમાં ભારતીય પ્રવાસીઓ માટે 5 રૂપિયા અને વિદેશી પ્રવાસીઓ માટે 50 રૂપિયાના ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી છે.

પ્રવાસીઓએ ઓનલાઈન ટિકિટ માટે આધાર કાર્ડ અને પાનકાર્ડની માહિતી આપવાની રહેશે. એક ટિકિટમાં પાંચ પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

---

## અબડાસા ઘઉનું વાવેતર:

અબડાસા તાલુકામાં અંદાજે 10 હજાર હેક્ટરમાં ઘઉનું વાવેતર કરવામાં આવ્યુ હતું. જયાં એક એકર દીઠ 45 થી 50 મણ ઘઉનો ઉત્તાર મળી રહ્યો છે. એ જોતાં અબડાસા તાલુકામાં ગુજરાતના વેપારીઓ સાથે સાથે દક્ષિણ ભારતના વેપારીઓ વાડીએથી જ ઉઘની ખરીદી કરી ખેડુતોને સ્થળ પર જ રોકડ રૂપિયાની ચુકવણી મળી રહી છે. અને સ્થળ પર જ કન્ટેઈનરમાં ઘઉ ભરી મુન્દ્રા પોર્ટ મારફતે વિશાખાપટ્ટનમ પોર્ટ મોકલવામાં આવી રહ્યા છે. ત્યાંથી મોટી આટા મિલોમાં ઘઉની છટ્ટણી કરીને વિદેશમાં નિકાસ કરવામાં આવી રહી છે.

---

## ઘઉની ટેકાના ભાવે ખરીદી:

રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માં ઘઉંની લઘુતમ ટેકાના ભાવે ૨,૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના દરે ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે ખરીદી કરવામાં આવશે.

આ માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે ગત પહેલી જાન્યુઆરીથી ૧૬ માર્ચ સુધી હાથ ધરવામાં આવી હતી. જેની તારીખ લંબાવીને ૦૫ એપ્રિલ સુધી કરવામાં આવી છે. તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને અપીલ કરાઈ છે

લઘુતમ ટેકાના ભાવે પોતાના પાકનું વેંચાણ કરવાના ઈચ્છા ધરાવતા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરવી ફરજીયાત હોવાથી આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ કરાયો છે.

---

## ક્રિકેટ:

પંજાબ કિંગ્સ ટીમે ગુજરાત  ટાઇટન્સ ટીમને11 રને હરાવી આઇ.પી.એલમાં પ્રથમ સફળતા મેળવી છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની પ્રથમ મેચમાં પંજાબની ટીમે 5 વિકેટનાં ભોગે243 રન કર્યા હતા. જેમાં સુકાની શ્રેયસ ઐયરનાં સૌથી વધુ  97 રન કર્યા હતા. વળતા જવાબ માં ગુજરાતની ટીમ 5 વિકેટ ગુમાવી 232 રન  કરી શકી હતી. સાઈ  સુદર્શનનાં સૌથી વધુ 74 રન હતા.

---

## હવામાન:

આગામી ત્રણ દિવસ રાજ્યમાં મહતમ અને લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રીનો ઘટાડો થવાની શકયતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યના તાપમાનમાં ઘટાડો થશે. ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રીનો વધારો થઈ શકે છે.ભુજમાં બે ડિગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન 38.4ડિગ્રી નોંધાયુ હતું.

---